GJRJ040001431999

| | |
|---|---|
| દાખલ તારીખ : | ૨૮/૦૪/૧૯૯૯ |
| રજુ કર્યા તારીખ : | ૨૮/૦૪/૧૯૯૯ |
| ફેસલ તારીખ : | ૩૦/૦૪/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ–માસ–દિવસ |
| | ૨૭ – ૦૦ – ૦૨ |

નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

:: FORM-A ::

---

**ગોંડલના મ્હે. બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ, મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**કુ. ઉર્મિલા ભોમસિંહ દેવડા**
બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તા.૩૦/૦૪/૨૦૨૬)**

**ફોજદારી કેસ નં.૫૯૦/૧૯૯૯**
**આંક :– ૧૬૩**

**ફરીયાદી : શ્રી સ ર કા ર**

**:: વિરૂધ્ધ ::**

**આરોપી :** (૧) **પરેશ ભીમજીભાઇ ઘવા**
(૨) **વિજય ભીમજીભાઇ ઘવા**
**બંને રહે.** દાળીયા, તા.ગોંડલ, જી.રાજકોટ.
(૩) **ગોવીંદભાઇ ચનાભાઇ પટેલ**
રહે. સુરત.
(૪) **દીપક મોહનભાઇ પરમાર**
રહે. અમદાવાદ.

| :: એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલીસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ તાલુકા પો.સ્ટે ગોંડલ, જી.રાજકોટ ઝોન, વર્ષ-૧૯૯૯, ગુ.રજી.નં.૯૦/૧૯૯૯ તા.૨૩/૦૨/૧૯૯૯. |
| **ગુન્હો :** | ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ અને ટ્રેડ માર્ક એક્ટ કલમ-૭૮, ૭૯ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ અને ટ્રેડ માર્ક એક્ટ કલમ-૭૮, ૭૯ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : અવેશભાઇ ઇસ્માઇલભાઇ કૈઝર) |
| **ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી :** | શ્રી સખનપરા. |
| **આરોપીઓ :** | **(૧) પરેશ ભીમજીભાઇ ઘવા,**<br>**(૨) વિજય ભીમજીભાઇ ઘવા,**<br>**બંને રહે.** દાળીયા, તા.ગોંડલ, જી.રાજકોટ.<br>**(૩) ગોવીંદભાઇ ચનાભાઇ પટેલ,** રહે. સુરત.<br>**(૪) દીપક મોહનભાઇ પરમાર,** રહે. અમદાવાદ. |
| **આરોપી તરફે વિદ્વાન વકિલશ્રી :** | **આરોપી નં.૧ અને ૨ તરફે :**<br>વિ.વ.શ્રી એન.એસ.ભંડેરી<br>**આરોપી નં.૩ અને ૪ તરફે :**<br>સી.આર.પી.સી. કલમ-૨૯૯ મુજબ ગેરહાજરીમાં હુકમ. |

## :: FORM-B ::

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ :** | તા.૨૦/૦૨/૧૯૯૯ કલાક ૧૧:૦૦ |
| **ફરીયાદની તારીખ :** | તા.૨૩/૦૨/૧૯૯૯, કલાક ૧૭:૦૦ |
| **ચાર્જશીટની તારીખ :** | તા.૨૧/૦૪/૧૯૯૯ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :** | તા.૦૪/૧૧/૨૦૦૩ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ :** | તા.૨૭/૦૭/૨૦૦૬ |
| **ચુકાદો રાખ્યાની તારીખ :** | તા.૨૭/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ :** | તા.૩૦/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો :** | ----------- |

## :: આરોપીની વિગત ::

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | ગુનાની કલમ | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પરેશ ભીમજીભાઇ ઘવા | ૨૩/૦૨/ ૧૯૯૯ | ૦૫/૦૩/ ૧૯૯૯ | ઇ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એક્ટ કલમ–૭૮, ૭૯ મુજબ. | નિર્દોષ | –– | ૧૦ દિવસ |
| ૨ | વિજય ભીમજીભાઇ ઘવા | ૨૩/૦૨/ ૧૯૯૯ | ૦૫/૦૩/ ૧૯૯૯ | ઇ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એક્ટ કલમ–૭૮, ૭૯ મુજબ. | નિર્દોષ | –– | ૧૦ દિવસ |
| ૩ | ગોવીંદભાઇ ચનાભાઇ પટેલ | ૨૪/૦૨/ ૧૯૯૯ | ૦૫/૦૩/ ૧૯૯૯ | ઇ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એક્ટ કલમ–૭૮, ૭૯ મુજબ. | નિર્દોષ | –– | ૦૯ દિવસ |
| ૪ | દીપક મોહનભાઇ પરમાર | ૨૫/૦૨/ ૧૯૯૯ | ૦૫/૦૩/ ૧૯૯૯ | ઇ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એક્ટ કલમ–૭૮, ૭૯ મુજબ. | નિર્દોષ | –– | ૦૮ દિવસ |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોની વિગત ::

### (એ) ફરીયાદપક્ષ તરફે :–

### :: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૪૪ | કિરીટભાઈ વલ્લભભાઈ રૈયાણી | પંચસાહેદ |
| ૨ | ૫૯ | રતીલાલ આંબાભાઈ પરસાણા | પંચસાહેદ |
| ૩ | ૧૪૪ | સુખાભાઈ આલાભાઈ | પંચસાહેદ |
| ૪ | ૧૫૨ | હરીસિંહ જેઠાભાઈ જણકાંત | ત.ક. અમલદાર |
| ૫ | ૧૬૫ | અવેશ ઈસ્માઈલ કૈઝર | ફરીયાદી |
| ૬ | ૧૮૦ | દામજીભાઈ અરજણભાઈ કાલરીયા | સાહેદ |
| ૭ | ૧૮૧ | કાળુભાઈ વિભાભાઈ ડવ | પંચસાહેદ |
| ૮ | ૧૮૩ | જીતેન્દ્રગીરી ભગવાનગીરી ગોસાઈ | સાહેદ |
| ૯ | ૧૮૬ | વિષ્ણુભાઈ બાબુભાઈ લોઠા | પંચસાહેદ |
| ૧૦ | ૧૮૮ | રાજેશ ભગવાનજીભાઈ ઠાકોર | પંચસાહેદ |

### (બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

### :: ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું. | ૪૫ |
| ૨ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું. | ૬૦ |
| ૩ | પંચનામાની પ્રમાણિત કોપી. | ૧૪૫ |
| ૪ | એફ.આઈ.આર. | ૧૫૩ |

| | | |
|---|---|---|
| ૫ | પંચનામું. | ૧૫૪ |
| ૬ | લેટર પેડ. | ૧૫૫ |
| ૭ | એફ.એસ. રીપોર્ટ. | ૧૫૬ |
| ૮ | એફ.એસ.એલ. રીપોર્ટ. | ૧૫૭ |
| ૯ | લેબોરેટરી રીપોર્ટ. | ૧૫૮ |
| ૧૦ | પંચનામાની ટ્રુ કોપી. | ૧૮૨ |
| ૧૧ | એચ.એચ. રોડવેઝની રીસીપ્ટ નં.૦૩૭૯૫૨, તા.૧૫/૧૨/૧૯૯૮ ના રોજની ઝેરોક્ષ કોપી. | ૧૮૪ |
| ૧૨ | પંચનામું. | ૧૮૭ |
| ૧૩ | અટક પંચનામું. | ૧૮૯ |

**બચાવપક્ષે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | મુ.પા.નં.૪૮/૧૯૯૯, તા.૨૩/૦૨/૧૯૯૯ | (૧) કેસ્ટ્રોલ સી.આર.બી. મલ્ટી ગ્રેડ 20W/4D શેર ટોટલ એન્જીન પ્રોટેક્શન એક્સ્ટ્રા ૨૫૦ એમ.એલ. રીઈન્સીસ પેક લખેલ એસ. નં.૧૩૬૧૨૬૭૦ ની નં. ૦૦૧૧૫૧ પાંચ લીટર ભરેલ ઓઈલના કેન નંગ–૬૨ એક નંગના રૂા.૩૦૦/– જેમાં તમામમાં ડુપ્લીકેટ ઓઈલ ભરેલ છે.<br>(૨) ઉપરોક્ત કેનોમાંથીએ કેનના પંચોની સહીવાળી સ્લીપ રાખી, લાખ દોરાથી સીલ કરેલ છે તે સીલબંધ એક એફ.એસ.એલ. તથા એક કંપની લેબોરેટરી માટે.<br>(૩) એક બેરલ જેમાં આશરે ૯૫ લીટર ડુપ્લીકેટ બનાવટી ઓઈલ ભરેલ છે તે ઓઈલ સહીતનું બેરલ. |

| | | |
|---|---|---|
| | | (૪) ઓઈલ માટેનો લાલ કલર ગલ્ફ નામના કેનમાં ભરેલ છે તે તેમજ એલ્યુમીનીયમ પેપસીલ કેસ્ટ્રોલના નંગ–૦૮ તેમજ ઈન્ડીયન ઓઈલ સર્વોનો એલ્યુ. પંચર સીટ નં.૨૫ ફેવી ક્વીક, ફેવી બોર્ડની ટ્યુબ ટેપ રોલ–૦૧.<br>(૫) કાતર નંગ–૦૧, (૬) લાલ ઢાંકણા નંગ–૦૯,<br>(૭) ડંકી નંગ–૦૧. |
| ૨ | મુ.પા.નં.૪૯/૧૯૯૯, તા.૨૩/૦૨/૧૯૯૯ | (૧) કેસ્ટ્રોલ સી.આર.બી. એક લીટર ઓઈલ ભરેલ બોક્સ નંગ–૨૦ જેના પર અંગ્રેજીમાં CRB Plus લખેલ છે. તેમજ મલ્ટી ગ્રેડ 20W/4D ટોટલ એન્જીન પ્રોટેક્શન સેવ બેન્ચ નં.૧૧૧૨, ઓગસ્ટ–૯૮, કીં. રૂા.૮૨/– નંગ.<br>(૨) CRB કેસ્ટ્રોલ કંપનીના અડધા લીટર ઓઈલ ભરેલ પેકીંગ બોક્સ નંગ–૧૯ જેના પર અંગ્રેજીમાં CRB Plus મલ્ટીગ્રેડ 20W/4D ટોટલ એન્જીન પ્રોટેક્શન બેન્ચ નં.૦૧૨૫, જુલાઈ–૯૮, કીં.રૂા. ૪૨/–<br>(૩) ૫૦૦ મીલીગ્રામ ઓઈલ ભરેલ પ્લાસ્ટીકના ડબલા સફેદ પ્લાસ્ટીકના ઉપરના ભાગે લાલ કલરનું ઢાંકણુ સીલ પેક સીલ પર અંગ્રેજીમાં સુપર ટી.ટી. હાઈપર ફ્રો ગ્રેડ જીન્યુનીમ સ્ટોક ઓઈલ પેકીંગ નંગ–૦૯.<br>(૪) ઉપરોક્ત કબ્જે કરેલ એક લીટર, અડધા લીટર, ૫૦૦ મીલી દરેકમાંથી બે–બે બોક્સ ડબલા સેમ્પલ અર્થે એફ.એસ.એલ. તથા કંપની તપાસણી અર્થે સીલ બંધ કબ્જે કરેલ નંગ–૦૬. |
| ૩ | મુ.પા.નં.૫૧/૧૯૯૯, તા.૨૫/૦૨/૧૯૯૯ | (૧) ડુપ્લીકેટ ગલ્ફ X.H.D. મલ્ટી ગ્રેડ 20W/4D લખેલ પ્લાસ્ટીકના પાંચ લીટરના સીલ બંધ કેન–૦૪<br>(૨) ડુપ્લીકેટ ગલ્ફ X.H.D. મલ્ટી ગ્રેડ 20W/4D લખેલ પ્લાસ્ટીકના એક લીટરના સીલ બંધ કેન–૧૦.<br>(૩) ડુપ્લીકેટ સર્વો સુપર મલ્ટી ગ્રેડ માર્ક ટ્રેડવાળા પ્લાસ્ટીકના પાંચ લીટરના ઓઈલ પેકીંગ કેન નંગ–૦૪.<br>(૪) ડુપ્લીકેટ સર્વો સુપર મલ્ટી ગ્રેડ માર્ક ટ્રેડવાળા પ્લાસ્ટીકના એક લીટરના ઓઈલ પેકીંગ નંગ–૦૩.<br>(૫) ડુપ્લીકેટ વિડોલ H.D.B. મલ્ટી ગ્રેડ કંપની માર્ક ટ્રેડના પ્લાસ્ટીકના ડુપ્લીકેટ સીલ પેક ઓઈલ પેકીંગ પાંચ લીટરના કેન નંગ–૦૪.<br>(૬) ડુપ્લીકેટ વિડોલ H.D.B. મલ્ટી ગ્રેડ ટ્રેડ માર્કના ડુપ્લીકેટ સીલ પેક ઓઈલના પ્લાસ્ટીકના ડબલા એક લીટરના નંગ–૩૧.<br>(૭) ડુપ્લીકેટ વિડોલ H.D.B. મલ્ટી ગ્રેડ ટ્રેડ માર્કના ડુપ્લીકેટ સીલ પેક પ્લાસ્ટીકના ઓઈલના ડબલા ૫૦૦ મીલીના નંગ–૬૭. |

| | | |
|---|---|---|
| ૪ | મુ.પા.નં.૫૨/૧૯૯૯, તા.૨૫/૦૨/૧૯૯૯ | (૧) પાર્સલ આસામ ટીની સણની બેગમાં તોડીને જોતા કેસ્ટ્રોલ કંપનીની ડુપ્લીકેટ પ્લાસ્ટીક બેગ ૧૨ x ૬ લાલ કલરની જેના પર અંગ્રેજીમાં કેસ્ટ્રોલ લખેલ છે. જે પ્લાસ્ટીકની બેગ ગણી જોતા ૧૦૦ નંગની એક એચ/૨૦બન્ડલ છે જે કુલ પ્લાસ્ટીકની બેગ આશરે ૨૦૦૦.<br>(૨) અમદાવાદી ન્યુ કોર્પો. ઓક્ટ્રોઇ ખાનાની રસીદ નં.૩૩૨૧૯૪૩ રકમ રૂા.૩૦/- પાવન કેરીયરની રસીદ નં.૧૦૮૨૩, તા.૨૦/૦૨/૧૯૯૯.<br>(૩) આર.કે. ટ્રેડર્સ, રામ બજાર, મોચી ગેટ, નવી દિલ્હી લખેલ ૧૨૫૦, કીં.રૂા.૬૮૦/-.<br>(૪) ડુપ્લીકેટ રસીદ જોગીભાઇના નામની. |
| ૫ | મુ.પા.નં.૬૦/૧૯૯૯, તા.૨૦/૦૩/૧૯૯૯ | (૧) કેસ્ટ્રોલ સી.આર.બી. પ્લસ મલ્ટી ગ્રેડ 20W/4D ઓઇલ કેન ૫ લીટરનું જેના એસ.નં.એલ-૨૨૦૦૧૪ ૭૧ ના લી.નં.૦૦૧૪૯૪ તેમજ ૧૨:૯૮ લખેલ છે તે<br>(૨) કેસ્ટ્રોલ સી.આર.બી. પ્લસ મલ્ટી ગ્રેડ 20W/4D ઓઇલ કેન ૧ લીટરનું જેના બી.નં.સી-૦૧૨૬ અને તળીયે એસ.નં.૭૪૬૦૧૨૬૨, ફેબ્રુ/૯૯ એક.<br>(૩) કેસ્ટ્રોલ સી.આર.બી. પ્લસ મલ્ટી ગ્રેડ 20W/4D પાઉચ ૫૦૦ મીલી જેના બી.નં.૦૦૨૮, એસ.નં.એ -૧૧-વાય-૦૫૧૭૮, જાન્યુ./૯૯ એક.<br>(૪) કેસ્ટ્રોલ સુપર ટી.ટી. હાઇ પરર્ફોમન્સ ઓઇલ ભરેલુ ૫૦૦ મીલીનું નાનું ડબલુ જેના બી.નં.૦૦૧૮, એસ.નં.એ-૦૬૦૦૦૦૨૦૯૪૧, તેમજ ૧/૯૯ નું એક.<br>(૫) કેસ્ટ્રોલ કંપનીનું લુઝ ઓઇલ ભરેલ નાનું ડબલુ. |

## :: ચુ કા દો ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ અને ૨ ના બંને ભાઇઓ છે, જેઓ કેસ્ટ્રોલ ઇન્ડીયા લીમીટેડ કંપનીનું ડુપ્લીકેટ ઓઇલ ડુપ્લીકેટ કન્ટેન્નરમાં ભરી કબ્જામાં રાખી, વેચાણ કરી, ખોટી માલ નિશાનીનો ઉપયોગ કરી, ગ્રાહકો તથા કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી, તા.૨૦/૦૨/૧૯૯૯ ના રોજ ૧૧:૦૦ વાગ્યે દાળીયા ગામેથી ઓઇલની ડીલવરી કરી, વેચાણ કરતા હોય. જેમાં આ ડુપ્લીકેટ માલ આ કામના આરોપી નં.૩ દ્વારા આરોપી નં.૪ પાસેથી મંગાવતા હોય અને આરોપી નં.૪ નાઓ ડુપ્લીકેટ માલ અન્ય કામે નાસતા ફરતા આરોપી પુરો પાડતા હોય, જેની ફરીયાદ ફરીયાદીએ ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૯૦/૧૯૯૯ થી

ઇ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એક્ટ કલમ-૭૮, ૭૯ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય આરોપીઓ સામે પુરતો પુરાવો હોવાથી તેઓ સામે હાલનું ચાર્જશીટ કરવામાં આવતા તેને રજીસ્ટરે લઈ, ફોજદારી કેસ નં.૫૯૦/૧૯૯૯ થી નોંધવામાં આવેલ છે.

**(૨)** હાલના આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થતા ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ સમન્સ કરવામાં આવેલ જે સમન્સ આરોપીઓને બજતા આરોપીઓ તેના વકિલશ્રી સાથે હાજર થયેલ હતા. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ હાલના આરોપીઓને ચાર્જશીટ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ સામે **આંક-૧૬** થી તહોમતનામું ફરમાવી, **આંક-૧૭ થી આંક-૨૦** સુધી આરોપીઓની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ પોતાનો ગુનો કબુલ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ અને સદર કેસ આગળ ચલાવવો હોય તેમ જણાવતા સદર કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

**(૨.૧)** ત્યારબાદ સદરહુ કામે આરોપી નં.૩ અને ૪ નાઓ સામે વખતો વખત વોરંટ કાઢવા છતાં તેઓ બંને સતત ગેરહાજર રહેતા હોય, જેથી અત્રેની અદાલતના અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ-૮૨ અન્વયે આરોપી નં.(૩) ગોવિંદભાઈ છનાભાઈ સાવલીયા, રહે.સુરત તથા આરોપી નં.(૪) દિપકભાઈ મોહનભાઈ પરમાર, રહે.અમદાવાદ નાઓ સામે નાસી ગયેલ (ફરારી) હોવાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદર જાહેરનામું ઉપરોક્ત આરોપી નં.૩ અને ૪ નાઓના બંને કામચલાઉ અને સ્થાયી રહેણાંકના સરનામા ઉપર આ અદાલતની નોટીસ અને સંબંધિત પોલિસ મથકના બોર્ડ ઉપર ચોંટાડીને પ્રસિદ્ધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે **FORM-C** માં રજુ રાખેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુર્ણ થતા હાલના આરોપી નં.૧ અને ૨ નાઓનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, ''અમો આરોપીઓએ કોઇ ગુનો કરેલ નથી, જેથી અમો આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.'' વધુમાં, અત્રેની અદાલત દ્વારા આરોપી નં.૩ અને ૪ નાઓ સામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૮૨ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી આ કામે આરોપી નં.૩ અને ૪ નાઓ વિરૂદ્ધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ ની જોગવાઈ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં.સી–૨૬૧૮/૨૦૧૬ ને વંચાણે લઈ આરોપી નં.૩ અને ૪ નાઓની ગેરહાજરીમાં સદરહુ કામનો પુરાવો રેકર્ડ પર લેવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી આરોપી નં.૩ અને ૪ નાઓની હાજરી રેકર્ડ ઉપર ન હોય તેમજ આરોપી નં.૩ અને ૪ નાઓ વિરૂદ્ધનો પુરાવો જણાતો ન હોય, આરોપી નં.૩ અને ૪ નાઓનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ –૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) ફરીયાદપક્ષે સરકારશ્રી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી સખનપરા નાઓની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. ત્યારબાદ બચાવપક્ષે આરોપી નં.૧ અને ૨ નાઓ તરફે વિદ્વાન વકિલશ્રી એન.એસ.ભંડેરી નાઓની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

(૫) આમ, આ કામે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.:

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ અને ૨ ના બંને ભાઈઓ છે, જેઓ કેસ્ટ્રોલ ઈન્ડીયા લીમીટેડ કંપનીનું ડુપ્લીકેટ ઓઈલ ડુપ્લીકેટ કન્ટેનરમાં ભરી કબ્જામાં રાખી, વેચાણ કરી, ખોટી માલ નિશાનીનો ઉપયોગ કરી, ગ્રાહકો તથા કંપની સાથે છેતરપીંડી

અને વિશ્વાસઘાત કરી, તા.૨૦/૦૨/૧૯૯૯ ના રોજ ૧૧:૦૦ વાગ્યે દાળીયા ગામેથી ઓઇલની ડીલવરી કરી, વેચાણ કરતા હોય. જેમાં આ ડુપ્લીકેટ માલ આ કામના આરોપી નં.૩ દ્વારા આરોપી નં.૪ પાસેથી મંગાવતા હોય અને આરોપી નં.૪ નાઓ ડુપ્લીકેટ માલ અન્ય કામે નાસતા ફરતા આરોપી પુરો પાડતા હોય, આ કામના આરોપીઓએ ઇ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એક્ટ કલમ–૭૮, ૭૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## :: <u>નિર્ણય માટેના કારણો</u> ::

(૭) અત્રે એ નોંધવુ જરૂરી બની રહે છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો સાબિત કરવા માટે સદર કલમોમાં જણાવ્યા અનુસારનો જરૂરી પુરાવો રેકર્ડ પર રજુ કરવાનો રહે છે તથા તે નિ:શંકપણે પુરવાર કરવો મહત્વનો બની રહે છે. જેથી રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા / મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.:

**<u>:: મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

(૭.૧) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **પંચસાહેદ કિરીટભાઇ વલ્લભભાઇ રૈયાણી** નાઓને **આંક–૪૪** થી તપાસવામાં આવેલા છે. તેઓએ **આંક–૪૫** ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. એટલે કે, ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદને

તપાસવામાં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામું રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામું થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીના સમર્થનમાં જે પંચનામું થયેલ છે તે પંચનામું ફરીયાદપક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવુ જોઈએ, તે આ કામે **આંક–૭૫** ના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં પંચસાહેદની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

**(૭.૨)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **પંચસાહેદ રતીલાલ આંબાભાઈ પરસાણા** નાઓને **આંક–૫૯** થી તપાસવામાં આવેલા છે. તેઓએ **આંક–૬૦** ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. એટલે કે, ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદને તપાસવામાં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામું રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામું થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીના સમર્થનમાં જે પંચનામું થયેલ છે તે પંચનામું ફરીયાદપક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવુ જોઈએ, તે આ કામે **આંક–૬૦** ના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં પંચસાહેદની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

**(૭.3)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **પંચસાહેદ સુખાભાઈ આલાભાઈ** નાઓને **આંક–૧૭૪** થી તપાસવામાં આવેલા છે. તેઓએ **આંક–૧૭૫** ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. એટલે કે, ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદને

તપાસવામાં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામું રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામું થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીના સમર્થનમાં જે પંચનામું થયેલ છે તે પંચનામું ફરીયાદપક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવુ જોઈએ, તે આ કામે **આંક–૧૪૫** ના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં પંચસાહેદની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

સદરહુ પંચસાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ માં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલિસે તેઓને તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી, તે સિવાય કંઈ જાણતા નથી.

**(૭.૪)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **આંક–૧૫૨ થી તપાસ કરનાર અમલદાર હરીસિંહ જેઠાભાઈ જણકાંત** ને સોગંદ પર તપાસેલા છે. સદર તપાસ કરનાર અમલદાર સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને ૧૯૯૯ ની સાલમાં તેઓ એલ.સી.બી., પી.એસ. આઇ., રાજકોટ રૂરલમાં ફરજ બજાવતા હતા. આ દરમ્યાન ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૯૦/૧૯૯૯ ના કામે ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એકટ કલમ–૭૮, ૭૯ ના કામે આ કામના ફરીયાદી અવેજભાઈ ઈસ્માઈલભાઈ કાઈઝર નાઓના દ્વારા ફરીયાદ આપવામાં આવેલી, જે મુજબ આ કામના આરોપીઓએ કેસ્ટ્રોલ ઈન્ડીયા લી. કંપનીનું ડુપ્લીકેટ ઓઈલ બનાવીને ડુપ્લીકેટ કંટેનરમાં ભરી કબ્જામાં રાખી વેચાણ કરેલ. એ રીતે ગ્રાહકો અને કંપની સાથે છેતરપિંડી કરેલી. જેની એફ.આઈ આર. તેઓને બતાવવામાં આવેલ હોય, જેમાં તેઓના રાજકોટ રૂરલ ડી.એસ.પી. ઓફીસના હેડ કોન્સ્ટેબલ ભુપતસિંહ રૂબરૂની ફરીયાદ છે, જે તેમના દ્વારા ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન દાખલ થવા મોકલવામાં આવેલ. જેમાં રિસિવર તરીકે પી.એસ.આઈ. ડી.બી.ડાંગરની સહી છે જે ઓળખી બતાવે છે જે એફ.આઈ.આર.

રજુ દાખલ આંક-૧૫૩. વધુમાં, આ કામે અમને જીલ્લા પોલીસ અધિકારી તરફથી તેમજ ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન તરફથી કાર્યવાહી કરવાનો હુકમ મળતા તેઓએ તેમના સ્ટાફના માણસો સાથે રાખીને આ કામે આરોપી પરેશ ભીમજી તથા વિજય તથા ગોવિંદ ચનાને ત્યાં પંચો સાથે દાળીયા ગામે તેમના ગોડાઉન ઉપર રેડ કરતા તેમજ રાજકોટમાં સ્વામિનારાયણ ચોકમાં તેમની દુકાનો પર રેડ કરતા આ કામનો મુદ્દામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આરોપીઓને ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન મુદ્દામાલ સહિત તપાસ તાલુકા પી.આઇ. કરતા હોય ત્યાં સોંપેલ. તેમજ આ કામે તેઓએ તા.૨૩/૦૨/૧૯૯૯ ના રોજ આ કામના ફરીયાદી અવેજભાઇ ઇસ્માઇલભાઇ કે જેઓ કેસ્ટ્રોલ કંપનીમાં નોકરી કરતા હતા અને આ કામના આરોપી પરેશભાઇ ભીમજીભાઇના પ્લોટે કેસ્ટ્રોલ ડુપ્લીકેટ ઓઇલનો જથ્થો રાખેલ હોય તે બતાવવા માંગતા ફરીયાદીના કહ્યા મુજબની હકીકતવાળી જગ્યાએ જતા ત્યા પણ કેસ્ટ્રોલ ડુપ્લીકેટ ઓઇલનો જથ્થો મળી આવતા પંચનામાની વિગતે કબ્જે લીધેલ તેમજ આ કામના આરોપી પરેશભાઇ ભીમજીભાઇએ તેમની દાળેશ્વર પેટ્રોલિયમ નામની દુકાનમાં ડુપ્લીકેટ ઓઇલના પેકેટ વેચાણ અર્થે રાખેલ હોય, જે રજુ કરવા માંગતા હોય જે આરોપી પરેશભાઇની કહ્યા મુજબ હકીકતવાળી જગ્યાએ ગયેલા અને ત્યાં પણ મુદ્દામાલ મળી આવતા પંચનામાની વિગતે ડી.બી.ડાંગર દ્વારા કબ્જે લેવામાં આવેલ તેમજ આ કામે પ્રિવેન્ટીવ ક્રાઇમ બ્રાંચના પી.આઇ. સુરતના દ્વારા આ કામના આરોપી ગોવિંદભાઇ પટેલના કબ્જા ભોગવટામાંથી મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ, જે પંચનામા ઉપર પી.આઇ.ની સહી છે જે ઓળખી બતાવે છે જે રજુ દાખલ આંક-૧૫૪. તેમજ આ કામે આરોપી ગોવિંદભાઇ ચનાભાઇ પટેલનાઓ દ્વારા આ કામના અન્ય આરોપી દિપકભાઇ મોહનભાઇ બારોટને ઓળખી બતાવતા હોય તે લગત પંચનામું કરવામાં આવેલ અને આરોપી દિપકભાઇને પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ અને આ કામના આરોપી દિપકભાઇ ના કબ્જા ભોગવટામાંથી કેસ્ટ્રોલ કંપનીની ડુપ્લીકેટ પ્લાસ્ટીકની બેગ પંચનામા ની વિગતે કબ્જે લેવામાં આવેલ તેમજ આ કામના સાહેદ રાજેશભાઇ ભગવાનજી

–ભાઇ પાસેથી પાર્સલને લગતી રસીદો રજુ કરતા પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલી તેમજ આ કામના સાહેદ વિશાલભાઇ કેવલકિશન સુદ નાઓએ કેસ્ટ્રોલના અસલ કેન અને પાઉચ અને લુઝ ઓઇલ લેબોરેટરી સરખામણી માટે રજુ કરતા હોય જે પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ અને સદરહુ સાહેદે કેસ્ટ્રોલ ઇન્ડિયા લીમીટેડના લેટરપેડ ઉપર ઓરીજીનલ સેમ્પલની વિગતો દર્શાવતુ લેટર પેડ તપાસના કામે સામેલ રાખેલ, જે રજુ દાખલ આંક–૧૫૫ અને આ કામે કબ્જે કરેલ મુદ્ધામાલ તપાસ અર્થે એફ.એસ.એલ., જુનાગઢ ખાતે મોકલવામાં આવેલ જેનો એફ.એસ. રીપોર્ટ તપાસના કામે સામેલ રાખેલ, જે રજુ રાખેલ છે, જે રજુ દાખલ આંક–૧૫૬. તેમજ તા.૩૦/૦૮/૧૯૯૯ ના રોજનો એફ.એસ.એલ. રીપોર્ટ તપાસના કામે સામેલ રાખેલ, જે રજુ દાખલ આંક–૧૫૭ અને આ કામના સાહેદ વિ.એન.જોશી કે જેઓ ક્વોલિટી કન્ટ્રોલ ઇન્ચાર્જ કેસ્ટ્રોલ ઇન્ડીયા લીમીટેડ ટેક્નીકલ સેન્ટર, મુંબઇ વાળાએ રજુ કરેલ લેબોરેટરી રિપોર્ટ તપાસના કામે સામેલ રાખેલ, જેને સંયુકત આંક–૧૫૮ આપવામાં આવે છે. તેમજ આ કામે લાગતા વળગતા સાહેદો વિશાલભાઇ, રાજેશભાઇ ભગવાનજી–ભાઇ તથા જીતેન્દ્રગીરી ભવાનગીરીના નિવદનો લીધેલા. આ કામના આરોપીઓ ને તેઓએ અટક કરેલા અને તેમના વિરૂદ્ધ પુરતો પુરાવો હોય, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમજ આ કામે અન્ય તપાસ કરનાર અમલદાર ડી.બી.ડાંગર ગુજરી ગયેલ છે, જેની તેઓને જાણ છે. આરોપીઓને જોયે ઓળખી શકે છે.

સદરહુ તપાસ કરનાર અમલદારની બચાવપક્ષે આરોપી નં.૧ અને ૨ ના વિ.વ.શ્રી એન.એસ.ભંડેરી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓની તપાસ દરમ્યાન આરોપીઓ પાસેથી કેસ્ટ્રોલ ઓઇલ તથા કેન બનાવવાની કોઇ મશીનરી મળી આવેલ નથી. તેમજ બનાવવાળી જગ્યાની માલીકીના કોઇ દસ્તાવેજો તેઓની તપાસ દરમ્યાન મળી આવેલ નથી. તેમજ તેઓની તપાસ દરમ્યાન આરોપીઓ પાસેથી નકલી કેસ્ટ્રોલ ઓઇલના ખરીદ વેચાણના કોઇ દસ્તાવેજો મળી આવેલા નથી.** તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે. વધુમાં, સદર

કામના આરોપી નં.૩ અને ૪ નાઓ મળી આવતા ન હોય, સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય, બચાવપક્ષે ઉલટતપાસ નથી.

(૭.૫) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **આંક–૧૬૫ થી ફરીયાદી અવેશ ઇસ્માઇલ કૈઝર** ને સોગંદ પર તપાસેલા છે. સદર ફરીયાદી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૧૯૯૯ વર્ષમાં તેઓ બોમ્બેમાં કેસ્ટ્રોલ ઇન્ડીયા લીમીટેડ નામથી ઓઇલ લ્યુબ્રીકેન્ટ બનાવતી કંપનીમાં લીગલ એક્સ્યુકેટીવ તરીકે ફરજ બજાવતો હતો. કંપનીએ તેઓને ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ તેમ રાજ્યોમાં નિમણુંક કરેલ હતી. તેઓની ફરજમાં કંપનીમાં લીગલ કામકાજ સબબ થતી જુદી જુદી કાર્યવાહી કરવાની હતી જે પૈકી જો કંપનીના ટ્રેડ માર્કનો કોઇ દુરૂપયોગ કરે તો તે અંગેની કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ હતી. તેઓ તા.૨૦/૦૨/૧૯૯૯ ના રોજ બોમ્બે થી રાજકોટ આવેલ. રાજકોટ ખાતે તેઓની કંપનીના સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે વિશાલ સુદ હતા, જે તેઓને લેવા આવેલ. તેઓ એરપોર્ટથી નીકળતા વિશાલ સુદે તેઓને વાત કરેલી કે, એક પાર્ટી નામે પરેશ ભીમજીભાઇ તેઓની કંટ્રોલ કંપનીનું ડુપ્લીકેટ માલ વેચે છે, તેની દુકાન રાજકોટ નવલનગરના ખુણા પર હતી, જે દાળેશ્વર પેટ્રોલીયમ નામની દુકાન ધરાવતા હતા. વિશાલ સુદે તેઓને એવુ પણ જણાવેલ કે, તેમણે આ પરેશ ભીમજીભાઇ પાસેથી કેસ્ટ્રોલ કંપનીનું ૫ લીટરનું સી.આર.બી. પ્લસ ઓઇલનું કેન ખરીદ કરેલ છે અને આ કેન અને કેપ ઉપર તેઓની કંપનીના જે બેન્ચ નંબર તેમજ સીરીયલ નંબર કેન ઉપર જે કંપનીના નામનું લખાણ જે તેઓના કંપનીના સ્ટાન્ડર્ડ મુજબ જણાય આવેલ નહીં તેમજ કેન ઉપર જે સીલ લગાડેલ તે પણ બરોબર હતુ નહીં અને જેથી તે ડુપ્લીકેટ પ્રોડક્ટ છે તેવુ જણાય છે. ત્યારપછી વિશાલ સુદે તેઓને આ ૫ લીટર નું કેન બતાવેલુ જે જોતા પણ તેઓના કંપનીના અનુભવના આધારે સીરીયલ નંબર બેન્ચ નંબર કેપ અને કેન ઉપરનું લખાણ વગેરે જોતા આ કેન ડુપ્લીકેટ હોવાનું તેઓને પણ જણાય આવેલ. તેઓના સેલ્સ એક્ઝયુક્યુટીવ વિશાલ સુદ

તેઓને આ દુકાન કઇ જગ્યાએ છે, કેવી રીતે છે વગેરે જોવા માટે લઇ ગયેલ. ત્યારબાદ તે દિવસે અને તેના પછીના દિવસે તેઓને જે કાયદેસરની કાર્યવાહી કરવાની હતી તે અંગે તેઓએ તૈયારી કરેલી. સબબ ફરીયાદીની સરતપાસ અધુરી હોય, તેઓને અવાર નવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરાવતા તેઓ સરનામે રહેતા ન હોય, તેઓને ફરીયાદપક્ષ દ્વારા ડ્રોપ કરવામાં આવેલ છે.

**(૭.૬)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **આંક–૧૮૦ થી સાહેદ દામજીભાઇ અરજણભાઇ કાલરીયા** ને સોગંદ પર તપાસવામાં આવેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ દારીયા ગામે વેલ્ડીંગનું કામ કરે છે. તેઓ પરેશભાઇ ભીમજીભાઇને ઓળખતા નથી. તેમજ તે શેની દુકાન ધરાવે છે તેની તેઓને ખબર નથી. સને ૧૯૯૯ ની કોઇ બાબત હાલ તેઓને યાદ નથી. તેઓ ૧૯૯૯ માં કોઇ ફોરવ્હીલ વાહન ધરાવતા ન હતા.

વધુમાં, સદરહું સાહેદને પોતાના પુરાવા દરમ્યાન વિદ્વાન એડી. પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદરહુ સાહેદ પોતાની સરતપાસના પુરાવાને વળગી રહેલ છે.

સદરહુ સાહેદની બચાવપક્ષે આરોપી નં.૧ અને ૨ ના વિ.વ.શ્રી એસ.પી.ભંડેરી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ૧૯૯૯ માં પોલિસ તેઓને મળી હોય કે તેઓનું નામઠામ પુછેલુ હોય એવુ બનેલ નથી. તેમજ દાળેશ્વર વેલ્ડીંગ વર્કસ, જીપ નં.જી.જે.૦૩.એ.૧૫૮૧, કેસ્ટ્રોલ કંપનીનું ઓઇલનું પાંચ લીટરનું ડબલુ, નવલ નગર, શેરી નં.૪ ના ખુણે, મવડી મેઇન રોડ– આ પ્રથમ વખત તેઓ સાંભળે છે.

**(૭.૭)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **પંચસાહેદ કાળુભાઇ વિભાભાઇ ડવ** નાઓને **આંક–૧૮૧** થી

તપાસવામાં આવેલા છે. તેઓએ **આંક–૧૮૨** ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. એટલે કે, ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદને તપાસવામાં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામું રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામું થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીના સમર્થનમાં જે પંચનામું થયેલ છે તે પંચનામું ફરીયાદપક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવુ જોઈએ, તે આ કામે **આંક–૧૮૨** ના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં પંચસાહેદની જુબાનીથી કહેવાતા મુદ્ધામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

(૭.૮) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **આંક–૧૮૩ થી સાહેદ જીતેન્દ્રગીરી ભગવાનગીરી ગોસાઇ** ને સોગંદ પર તપાસવામાં આવેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ ૧૯૯૯ માં એચ.એચ. રોડવેઝની શાપર ખાતેની ઓફીસમાં નોકરી કરતા હતા. તેઓની ઓફીસની કામગીરી ટ્રાન્સપોર્ટની જેમ જ તેમાં આવતા માલ સામાન જે કોઇ મોકલાવે કે છોડાવે તે મુજબ રીસીપ્ટ આપીને છોડાવવાની હોય છે. તેઓને એક રીસીપ્ટ બતાવવામાં આવે છે, જે જોઇને કહેલ છે કે, તે રીસીપ્ટ એચ.એચ. રોડવેઝની છે, જેના રીસીપ્ટ નં.૦૩૭૯૫૨ છે અને તા.૧૫/૦૨/ ૧૯૯૮ ના રોજની છે, જે રીસીપ્ટમાં મોકલનાર શેઠનું નામ સેલ્ફ અને લેનાર શેઠનું નામ પ્રવિણભાઇ લખેલુ છે અને માલનું વર્ણનમાં પ્લાસ્ટીક ડબલા બંડલ તેવુ લખેલુ છે અને તેનો ચાર્જ રૂા.૩૭/– અને બીલ્ટી ચાર્જ રૂા.૩/– એમ ટોટલ રૂા.૪૦/– એચ.એચ. રોડવેઝ તરફથી વસુલ કરવામાં આવે છે. આ માલ અમદાવાદ સરખેજ થી શાપર મોકલવામાં આવેલ હતો, આ બાબતે પોલિસે તેઓની પુછપરછ કરવા આવેલી, ત્યારે તેઓએ ઝેરોક્ષ કોપી આપેલી હતી. જેની ટ્રુકોપી રજુ દાખલ આંક–૧૮૪ આપવામાં આવે છે. આ માલ છોડાવનાર વ્યકિત

પ્રવિણભાઇ તેઓના રેગ્યુલર કસ્ટમર હતા કે કેમ તે તેઓ કહી શકે નહીં. આ માલ કોણે મોકલાવેલો તે તેઓ કહી શકે નહીં. તેઓ પ્રવિણભાઇને જોયેથી ઓળખી શકે નહીં. પોલિસ તેઓની પુછપરછ કરવા આવેલી હતી.

સદરહુ સાહેદની બચાવપક્ષે આરોપી નં.૧ અને ૨ ના વિ.વ.શ્રી એસ.પી.ભંડેરી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલમાં તેઓ એચ.એચ. ટ્રાન્સપોર્ટમાં નોકરી કરે છે. તેમજ પોલિસે તેઓનું નામ સરનામા સિવાય આ ગુનાને લગતી કોઇ બાબત પુછેલ નહીં કે જણાવેલ નહીં. વધુમાં, સદર કામના આરોપી નં.૩ અને ૪ નાઓ મળી આવતા ન હોય, સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય, બચાવપક્ષે ઉલટ–તપાસ નથી.

(૭.૯) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **પંચસાહેદ વિષ્ણુભાઇ બાબુભાઇ લોઠા** નાઓને **આંક–૧૮૬** થી તપાસવામાં આવેલા છે. તેઓએ **આંક–૧૮૭** ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. એટલે કે, ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદને તપાસવામાં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામું રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામું થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીના સમર્થનમાં જે પંચનામું થયેલ છે તે પંચનામું ફરીયાદપક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવુ જોઇએ, તે આ કામે **આંક–૧૮૭** ના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં પંચસાહેદની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

સદરહુ પંચસાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ માં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલિસે ફક્ત તેઓનું નામ સરનામું પુછેલુ.

તેમજ પોલિસે તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલી, એ સિવાય તેઓ કાંઇ જાણતા નથી.

**(૭.૧૦)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **આંક–૧૮૮ થી પંચસાહેદ રાજેશભાઇ ભવાનજીભાઇ ઠાકોર** ને સોગંદ પર તપાસવામાં આવેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને ૧૯૯૯ માં તેઓ પવન કેરીયર્સ નામના ટ્રાન્સપોર્ટમાં પરચુરણ કામકાજની નોકરી ભવાનપુરા, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ–૨૨ ખાતે નોકરી કરતો હતો. બનાવ સમયે તેઓની ઉંમર અંદાજે બાવીસ વર્ષ હતી. તેઓ આ ટ્રાન્સપોર્ટ માં ડીલીવરી ગોડાઉનમાં કામકાજ કરતા હતા. આ ટ્રાન્સપોર્ટ ખુબ મોટો હોય ઘણા બધા માલ સામાનની ડીલીવરી થતી હોય છે. ૧૯૯૯ માં પોલિસ તેઓની પાસે માલ સામાનની પુછપરછ કરવા આવેલી હતી પણ હાલ આ પુછપરછ શેના માટેની હતી તે તેઓને યાદ નથી. ક્યા પાર્સલમાં શું વસ્તુ હોય અને કોણ મોકલાવતુ હોય છે તે તેઓ ચોક્કસ રેકર્ડ જોયા વગર કહી શકે નહીં. વધુમાં, જણાવે છે કે, પ્રતાપ જકશીજી ઠાકોર તેઓના પાડોશી થાય છે અને તેઓ આશરે દસ વર્ષથી વધુ સમય પહેલા અવસાન પામેલ છે. આ પ્રતાપભાઇ તેઓના પાડોશી થતા હોય તેઓ તેના લખાણથી સારી રીતે વાકેફ છે અને તેની સહી ઓળખી શકે. તેઓને અટક પંચનામું બતાવવામાં આવેલ હોય, જે જોઇને જણાવે છે કે, ક્રમ નં.૧ ઉપર પ્રતાપભાઇની સહી છે જે ઓળખી બતાવે છે. જે રજુ દાખલ આંક–૧૮૯ આપવામાં આવે છે.

વધુમાં, સદરહું સાહેદને પોતાના પુરાવા દરમ્યાન વિદ્વાન એડી. પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદરહુ સાહેદ પોતાની સરતપાસના પુરાવાને વળગી રહેલ છે. સદરહુ પંચસાહેદ ની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ

છે કે, પોલિસે ફક્ત તેઓનું નામ સરનામું પુછેલુ. તેમજ ડીલીવરી ગોડાઉનમાં અસંખ્ય પાર્સલો આવતા હોય છે.

**<u>:: પુરાવાનું મુલ્યાંકન ::</u>**

(૮) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા, આ કામના મહત્વના સાહેદ એવા ફરીયાદી અવેશ ઇસ્માઇલ કૈઝર ને આંક-૧૬૫ થી તપાસવામાં આવેલા છે. જેઓની સરતપાસ અધુરી હોય, તેઓને અત્રેની અદાલત દ્ધારા વારંવાર વોરંટ ઇસ્યુ કરતા સરનામે રહેતા નથી તેવા શેરા સાથે વોરંટ પરત ફરેલ છે. સદર ફરીયાદીની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો પણ ફરીયાદમાં જણાવ્યા મુજબના આક્ષેપો પુરવાર થતા નથી. વધુમાં, ફરીયાદીની ફરીયાદ મુજબ તેઓની કંપનીના સેલ્સ એક્ઝયુકેટીવ વિશાલ સુદ નાઓએ તેમને જણાવેલ કે, 'એક પાર્ટી નામે પરેશ ભીમજીભાઇ તેઓની કેસ્ટ્રોલ કંપનીનું ડુપ્લીકેટ માલ વેચે છે અને આ પરેશ ભીમજીભાઇ પાસેથી કેસ્ટ્રોલ કંપનીનું પાંચ લીટરનું સી.આર.બી. પ્લસ ઓઇલનું કેન ખરીદ કરેલ છે.' સદર સાહેદ નં.૧૨ વિશાલભાઇ સુદ ને સમન્સ ઇસ્યુ કરતા સદર સમન્સ તેઓ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે. જેથી ફરીયાદીની ઉપરોક્ત હકીકતને સમર્થનકારી કોઇ પુરાવો પ્રાપ્ત થતો નથી. વધુમાં, આ કામે સાહેદ નં.૬, ૧૪, ૧૬, ૧૭, ૧૮ નાઓને પ્રોસેસ ઇસ્યુ કરતા તેઓ સરનામે રહેતા નથી. જેથી ફરીયાદપક્ષ તરફથી તમામ સાહેદોને ''નોટ ફાઉન્ડ'' સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલ છે. આંક-૧૮૦ થી તપાસવામાં આવેલા સાહેદ દામજીભાઇ અરજણભાઇ કાલરીયા, આંક -૧૮૧ થી સાહેદ કાળુભાઇ વિભાભાઇ ડવ, આંક-૧૮૮ થી સાહેદ રાજેશ ભગવાનજીભાઇ ઠાકોર નાઓને તપાસવામાં આવેલા છે. જેમને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.

(૮.૧) મુદ્દામાલ કબ્જે કર્યા અંગેના પંચનામાના પંચો, ગુનાવાળી જગ્યા ના પંચોને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે. આરોપીઓના કબ્જામાંથી આવો

મુદ્દામાલ મળી આવેલ હોય, તે હકીકતને તટસ્થ સાહેદોનું સમર્થન મળેલ નથી. કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ કેસ્ટ્રોલ ડુપ્લીકેટ ઓઇલ આરોપીઓ ક્યાંથી લાવેલા તે હકીકત પણ ખુલવા પામેલ નથી કે કોઈ તટસ્થ સાહેદોએ આરોપીઓ ને મુદ્દામાલનું ખરીદ-વેચાણ કરતા હોય તેવો પણ સ્પષ્ટ પુરાવો આપેલ નથી. બનાવ સ્થળે આરોપીઓ તેમની માલિકીની જગ્યા ધરાવતા હતા, તે બાબતનો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, રજુ કરેલ પુરાવા પરથી ખરેખર આવો મુદ્દામાલ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ છે કે કેમ? તે હકીકત શંકાસ્પદ બને છે. પંચનામાના પંચોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી. આમ, રીક્વરી પુરવાર થતી નથી.

(૯) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોય તેવુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી. તેમજ જ્યારે આરોપીઓ સામે આ કામે અન્ય કોઈ સ્વતંત્ર માની શકાય તેવો પુરાવો રજુ થયેલ ન હોય, ત્યારે ઉપરોક્ત રજુ થયેલ પુરાવો આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે માનવા લાયક પુરાવો નથી. પડેલ પુરાવા તથા કાયદાથી પરીસ્થીતી જોતા ફોજદારી કેસોમાં કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. આા કામે ફરીયાદપક્ષે પડેલ પુરાવો જોતા **નામદાર સુપ્રિમ કોર્ટે એ.આઇ.આર. ૧૯૮૮ સુ.કો. ૭૦૯, માધવરાવ જે. સીંધીયા વિરૂદ્ધ સંભાજીરાવ** ના ચુકાદાનો અભ્યાસ કરતા પારા નં.૭ માં ઠરાવેલ છે કે, **7. The legal position is well settled that when a prosecution at the initial stage is asked to be queashed, the test to be applied by the court is as to whether the uncontroverted allegations as made prima facie establish the offence. It is also for the court to take into consideration any special features which appear in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilised for any oblique purpose and where in the opinion of the court chances of an**

**ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding even though it may be at a preliminary state.**

– આમ, સદર ચુકાદો વંચાણે લેતા, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઉચીત કિસ્સામાં કાર્યવાહીમાં આગળ વધવાનું યોગ્ય ન જણાય તો ફરીયાદ ક્વોશ કરવા સંબંધેની ચર્ચા કરેલ છે. જે ચુકાદાનો હેતુ ધ્યાને લેવામાં આવે તો, તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, જ્યારે કોઈ ફરીયાદમાં આગળ વધ્યા બાદ આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય તેવા કોઈ સંજોગો રહેલા ન હોય તો તેવી કાર્યવાહી આગળ ચલાવવી તે અદાલતના પ્રોસેસના દુરપયોગ સમાન ગણાશે.

(૧૦) આમ, રેકર્ડ પરના સમગ્ર પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતા, આ કામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર રવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોય, આંક–૧૫૩ રજુ એફ.આઈ.આર.ના તત્વો રેકર્ડ ઉપર સાબિત થતા નથી. તેમજ પડેલ પુરાવાને આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ સચોટ તેમજ સબળ પુરાવો રેકર્ડ ઉપર ન હોય, ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, ન્યાયના હિતમાં **મુદ્દા નં.૧** નો જવાબ '**નકારમાં**' ઠરાવીને, **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી નં.(૧) **પરેશ ભીમજીભાઈ ઘવા, (૨) વિજય ભીમજીભાઈ ઘવા, બંને રહે. દાળીયા, તા.ગોંડલ, જી.રાજકોટ** નાઓને ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૯૦/૧૯૯૯ થી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા

ટ્રેડ માર્ક એક્ટ કલમ–૭૮, ૭૯ મુજબના ગુનાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં.**(૩) ગોવીંદભાઈ ચનાભાઈ પટેલ, રહે. સુરત, (૪) દીપક મોહનભાઈ પરમાર, રહે. અમદાવાદ** નાઓને ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૯૦/૧૯૯૯ થી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૨૦, ૪૮૨, ૪૮૩, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ટ્રેડ માર્ક એક્ટ કલમ–૭૮, ૭૯ મુજબના ગુનાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) સાથે વાંચતા, કલમ–૩૫૩(૬) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબના હેતુ માટે આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓના અગાઉ આપેલ જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે. અન્યથા અપીલ પીરીયડ પછી કબ્જે થયેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–**૩૦ મી,** માહે–**એપ્રિલ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

**(કુ. ઉર્મિલા ભોમસિંહ દેવડા)**
બીજા એડી. ચીફ જ્યુડી. મેજી., ગોંડલ.
**(UIC No.01259)**

H.P.BHATT
(GUJ.STENO.)